રજૂ તારીખ : ૨૬/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૬/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૫.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૭/૨૦૨૬.**

**અરજદાર :–** **પ્રિયાંશીકુમારી પ્રદીપભાઇ ચૌધરી,**
રહેવાસી : બજાર ફળીયું, અરેઠ,
તાલુકો : અરેઠ, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

====================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી પી. ટી. સોલંકી.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

====================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૬–૦૧૭૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ. વકીલ શ્રી પી. ટી. સોલંકીની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટાં છે. સહઆરોપીઓ કીર્તિરાજ, તુષારકુમાર તથા મરણ જનાર સ્કૂલ દરમ્યાન સાથે ભણતા હતા. અરજદારને ગુજરનાર જેનીલ સાથે પ્રેમસંબંધ હતો અને તેઓ બધા ભેગા થઇને ફરવા જતા હતા, ફોટા પડાવતા હતા. સહઆરોપી તુષારકુમારના લગ્ન સહઆરોપી જાનવી સાથે થયા ત્યારે બધા હાજર હતા અને હાલના અરજદાર તથા જેનીલે મોબાઇલ ફોનના પાસવર્ડ એકબીજાને આપેલા અને સાથે સોશિયલ મિડિયા ચલાવતા હતા. મરનારે અરજદારના મોબાઇલ ફોનમાંથી સહઆરોપી તુષારકુમારના લગ્ન પહેલાના ફોટો કે જે સહઆરોપી કિર્તીરાજ સાથેના હતા તે સહઆરોપી જાનવીને મોકલી આપેલ, જેથી સહઆરોપી કિર્તીરાજ તથા તુષારકુમારે અરજદારને જાણ કરતાં અરજદારે જણાવેલ કે, તેઓએ આવા ફોટા કોઇને મોકલેલ નથી અને જેનીલે જણાવેલ કે, આ ફોટા તેઓએ મોકલેલ. મરનારની સહઆરોપી જાનવી સાથે શું વાત થયેલી તેની અરજદારને ખબર નથી. મરનારે અરજદારના મોબાઇલ ફોનમાંથી ફોટા લઇ તેનો દુરૂપયોગ કરેલ અને સહઆરોપી તુષારકુમારને બદનામ કરવા, લગ્નજીવનમાં ભંગાણ કરવા માટે સહઆરોપી જાનવીને ફોટા મોકલી આપેલા. હાલના અરજદારે મરનારને ખોટું કૃત્ય કરેલ હોવાનું જણાવી સંબંધ રાખવાની ના પાડેલ. ત્યાર બાદ શું બનેલ તેની અરજદારને ખબર નથી. મરનાર મળવા માટે અરજદારને અવારનવાર મેસેજ કરતાં અરજદારે ના પાડેલ અને જબરજસ્તીથી મળવા બોલાવતાં અરજદારે જઇ કોઇ સંબંધ ન રાખવા અને સંપર્ક ન કરવા જણાવેલ. ગુજરનાર બ્લેકમેઇલ કરતા હતા અને અરજદાર તે અંગે તેને સમજાવવા ગયેલ હતા. ગુજરનારે હાલના અરજદારને હેરાન કરેલ, યાદના આપેલ. અરજદારે ગુજરનારને કયારેય બંધક બનાવેલ નથી, ગોંધી રાખેલ નથી કે માનસિક ત્રાસ આપેલ નથી. પી.એમ. રિપોર્ટમાં કોઇ ઇજા જણાઇ આવેલ નથી. સદર કામે આત્મહત્યા થયેલ છે કે અકસ્માત છે તે

ચોકકસ કહી શકાય તેમ નથી. ગુજરનાર નહેરમાં પડી ગયા કે કૂદી ગયા તેની અરજદારને ખબર નથી. જેનીલના મૃત્યુ સાથે અરજદારને કોઇ સંબંધ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર જણાતી નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. મરણ જનારે હાલના અરજદારના મોબાઇલ ફોનમાંથી જાનવી તથા સહઆરોપી કિર્તીરાજના ફોટોગ્રાફ્સ તથા વિડિયો મેળવી સહઆરોપી તુષારકુમારને મોકલી આપેલ, જેથી તમામ આરોપીઓએ ભેગા મળી મરણ જનારનું કડોદ ખાતેથી અપહરણ કરી સહઆરોપી જાનવી તથા તુષાકુમારના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરતાં મરનારે નહેરમાં કૂદી જઇ આપઘાત કરેલ. આમ, હાલના અરજદારે મરનારનું અપહરણ કરવામાં, સહઆરોપીઓના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપવામાં તથા મરનારને આપઘાત માટે મજબૂર કરવામાં સહઆરોપીઓને મદદ કરી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. પોલિસ તપાસના કાગળો જોતાં હાલનો ગુનો આરોપીઓએ એકબીજાની મદદગારીમાં કરેલ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં. મૂળ ફરિયાદીએ સોગંદનામું

રજૂ કરેલ છે અને તેઓએ અરજદારની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર અને મરણ જનાર વચ્ચે પ્રેમસંબંધ ચાલી આવેલ અને સહઆરોપી કિર્તીરાજ તથા સહઆરોપી જાનવી વચ્ચે પણ પ્રેમસંબંધ ચાલી આવેલ. સહઆરોપી જાનવીનો સહઆરોપી કિર્તીરાજ સાથે પ્રેમસંબંધ હતો તેની જાણ સહઆરોપી તુષારકુમારને ન હતી.સહઆરોપી જાનવીના લગ્ન બાદ અરજદાર, સહઆરોપી કિર્તીરાજ તથા સાહેદ રોશની સહઆરોપી જાનવીને વ્યારા ખાતે ફરવા લઈ ગયેલા, જયાં હાલના અરજદારે પોતાના મોબાઈલ ફોનમાં સહઆરોપી કિર્તીરાજ તથા જાનવીના ફોટોગ્રાફ લીધેલ તથા વિડિયો પણ ઉતારેલ, જે ફોટોગ્રાફ્સ તથા વિડિયો અરજદારની જાણ બહાર મરનારે લઈ લીધેલ અને તેમાં મરનારે એડિટીંગ કરેલ સહઆરોપી તુષારકુમારનના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર મોકલી આપેલ અને પુરાવા આપવાના બદલામાં રૂપિયાની માંગણી કરેલ, જેથી તમામ આરોપીઓએ મરણ જનારનું કડોદ ખાતેથી અપહરણ કરી, કણજા ગામ ખાતે સહઆરોપી જાનવી તથા તુષાકુમારના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરેલ હોવાનો આક્ષેપ છે. પોલિસ તપાસના કાગળો જોતાં જણાઈ આવે છે કે, મરનારે હાલના અરજદારને નહેર પાસે બોલાવેલ અને હાલના અરજદારે જાનવીને જણાવતાં સહઆરોપી જાનવીએ સહઆરોપી કિર્તીરાજને બનાવ સ્થળે જવા જણાવેલ. નહેર પાસે મરનાર જેનીલ, અરજદાર તથા સહઆરોપી કિર્તીરાજનાઓ ભેગા થયેલા અને વાતચીત કરેલ અને અરજદાર એક્ટિવા ગાડી લઈને નીકળી ગયેલ, જયારે સહઆરોપી કિર્તીરાજ થાર ગાડી લઈને જતા હતા ત્યારે કારના સાઈડ ગ્લાસમાં જેનીલને નહેરમાં કૂદતાં જોયેલ અને સહઆરોપી કિર્તીરાજે પોલિસને જાણ કરેલ. નોંધનીય છે કે, અરજદાર/ આરોપીએ ઉપરોકત બાબત પોલિસને જણાવેલ છે, પરંતુ હાજર તપાસનીશ અધિકારીશ્રીએ ખુલાસો કરતાં જણાવેલ છે કે, તેઓએ સ્થાનિકે જઈ ઘટનાક્રમનું રીકન્સ્ટ્રકશન કરતાં હાલના અરજદાર/આરોપીની પોલિસને આપવામાં આવેલ જાણકારી ખોટી જણાઈ આવેલ છે. આમ, હાલના

અરજદારે સહઆરોપીઓ સાથે મળી મરનારનું અપહરણ કરી, સહઆરોપી તુષારકુમારના ઘરમાં ગોંધી રાખી, માનસિક ત્રાસ આપી, મરવા માટે મજબૂર કરી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. હાલનો ગુનો ગંભીર પ્રકારનો છે. સદર ગુનો તમામ આરોપીઓએ એકબાજીની મદદગારીમાં આચરેલ હોવાનું પણ જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ છે અને તે નાજુક તબકકામાં છે ત્યારે સદર ગુનાની તલસ્પર્શી તપાસ માટે અરજદાર/આરોપીના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું પણ જણાઇ આવે છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી પ્રિયાંશીકુમારી પ્રદીપભાઇ ચૌધરીની હાલની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૭/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582